# ભારતની અગ્રણી સંકલિત મલ્ટીમોડેલ લોજિસ્ટિક્સ સર્વિસ પ્રદાતા ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (ટીસીઆઇ)એ FY૨૩માં રૂ. ૨૫૦ કરોડનું મૂડી ખર્ચ કરવાનું આયોજન કર્યુ

ગુરુગ્રામ, ભારત, ૨૪ માર્ચ, ૨૦૨૨: ભારતની અગ્રણી સંકલિત સપ્લાય ચેઈન અને લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પ્રદાતા ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ. ("TCI")એ આજે ઘોષણા કરી હતી કે તે આગામી નાણાકીય વર્ષ એટલે કે FY૨૩ માટે આશરે રૂ. ૨૫૦ કરોડનું મૂડી ખર્ચ કરવાનું આયોજન કરી રહી છે. કુલ કેપેક્સ (મૂડી ખર્ચ)માંથી, કંપની જહાજો અને કન્ટેનર પર રૂ. ૧૦૦-૧૨૫ કરોડનો ખર્ચ કરશે. TCI આવકમાં લગભગ ૧૨-૧૫ ટકા વૃદ્ધિ અને નફામાં ૨૦ ટકા વૃદ્ધિ જોઈ રહી છે.

કેપેક્સ યોજનાઓ પર ટિપ્પણી કરતા, TCIના મેનેજિંગ ડિરેક્ટર શ્રી વિનીત અગ્રવાલે જણાવ્યું હતું કે, ''અમે આગામી નાણાકીય વર્ષમાં આશરે રૂ. ૨૫૦ કરોડના કેપેક્સની અપેક્ષા રાખીએ છીએ. આમાંથી, આશરે રૂ. ૧૦૦-૧૨૫ કરોડ જહાજો અને કન્ટેનર પાછળ ખર્ચવામાં આવશે અને, અલબત્ત, અમુક રકમ - જેમ કે રૂ. ૩૦-૫૦ કરોડ - ટ્રકો માટે ખર્ચવામાં આવશે. તે પછી, અમે વેરહાઉસ બનાવવા પર પણ ખર્ચ કરીશું...જે લગભગ રૂ. ૭૫ કરોડનો ખર્ચ થશે. જ્યારે તમે મલ્ટીમોડેલ એવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વૃદ્ધિ જુઓ છો, ત્યારે અમારા રેલ વ્યવસાય અથવા દરિયાઈ માર્ગના વ્યવસાયને તેમાં અવકાશ મળવો જોઈએ. અમે ગ્રાહકોની માંગ બદલાતી જોઈ રહ્યા છીએ. સામાન્ય કાર્ગો હિલચાલ કોઈપણ રીતે થઈ રહી છે.